કામરેજનાં ડુંગરા, ધાતવા અને જિયોરમાં તાપીમાંથી રેતીખનન

રોયલ્ટી કરતાં વધુ રેતી ખનન, પર્યાવરણીય મંજૂરી વિના કામગીરી અને ટ્રકોમાં ઓવરલોડ રેતી પરિવહનનો આક્ષેપ

સુરત, કામરેજઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ડુંગરા, ધાતવા અને જિયોર ગામોમાં તાપી નદીમાંથી ગેરકાયદેસર રેતી ખનન થતું હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. સ્થાનિક ખેડૂતો અને આગેવાનોની રજૂઆતના આધારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા રાજ્યના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. આ રજૂઆત રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ, ખાણ અને ખનીજ વિભાગના કમિશનર, સુરત જિલ્લાના કલેક્ટર તેમજ ભૂસ્તરશાસ્ત્રી અને વિજિલન્સ વિભાગને મોકલવામાં આવી છે.

રજુઆતમાં જણાવ્યા મુજબ કામરેજ તાલુકાના ડુંગરા અને ધાતવા ગામોમાં તાપી નદીમાંથી રેતી ખનન માટે રોયલ્ટી ભરીને મંજૂરી લેવામાં આવી છે, પરંતુ મંજૂરી પ્રમાણેની મર્યાદા કરતાં ઘણી વધુ માત્રામાં હજારો ટન રેતીનું ખનન કરી વેચાણ કરવામાં આવી રહ્યું હોવાનું આરોપ છે. આ રીતે મંજૂરીની શરતોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું હોવાના કારણે સરકારી આવકને પણ નુકસાન પહોંચતું હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત જિયોર ગામ વિસ્તારમાં કોઈપણ પ્રકારની વહીવટી મંજૂરી કે રોયલ્ટી ભર્યા વિના તાપી નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરી વેચાણ કરવામાં આવી રહ્યું હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. આ ગેરકાયદે ખનન તાત્કાલિક બંધ કરાવવા અને જવાબદારો સામે પગલાં લેવાની માંગ પણ કરવામાં આવી છે.

નદીના કુદરતી પ્રવાહને નુકસાન થવાની શક્યતા

ફરિયાદ અનુસાર રેતી માફિયાઓ દ્વારા નદીમાં અંડરવોટર ખનન કરવામાં આવી રહ્યું છે, જેનાથી નદીના કુદરતી પ્રવાહને નુકસાન થવાની શક્યતા છે. સાથે સાથે નદીના કાંઠે આવેલી જમીનનું ધોવાણ થવાથી ખેડૂતોની જમીન અને પાકને નુકસાન થવાની પણ ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

કેટલાક અધિકારીઓ આંખ આડા કાન કરે છે

રજૂઆતમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે મોટાભાગની ટ્રકોમાં ઓવરલોડ રેતીનું પરિવહન કરવામાં આવી રહ્યું છે, જ્યારે ખાણ-ખનીજ વિભાગ અને વહીવટી તંત્રના કેટલાક અધિકારીઓ આ સમગ્ર મામલે આંખ આડા કાન કરી રહ્યા હોવાની તેમજ તેમાં ભ્રષ્ટાચારની પણ ગંભીર આશંકા હોવાનું જણાવાયું છે. સ્થાનિક લોકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવતી હોવા છતાં સંબંધિત વિભાગો દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે રેતી માફિયાઓ વધુ બેફામ બની ગયા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

માંડવીની ટાંકી તૂટવામાં માટીના નમૂનાની તપાસ

રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી થશે, જાન્યુઆરીમાં કોંક્રિટ મટિરિયલનો GERI અને SVNITનો રિપોર્ટ સરકારને મળ્યો

ગાંધીનગરઃ સુરત જિલ્લાના મંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટવાની ઘટનાના તપાસ માટે GERI અને SVNITના નિષ્ણાતો દ્વારા કોંક્રિટ મટીરિયલ અંગેના અહેવાલ સરકારને સોંપવામાં આવ્યા છે, તેવું સરકાર દ્વારા વિધાનસભામાં જણાવવામાં આવ્યું છે.

કોંક્રિટ મટીરિયલ અંગેનો રિપોર્ટ GERI દ્વારા 31 જાન્યુઆરી 2026ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યારે SVNIT દ્વારા આ અંગેનો અહેવાલ 29 જાન્યુઆરી 2026ના રોજ સરકારને સોંપવામાં આવ્યો હતો. અત્યાર સુધી માત્ર કોંક્રિટ મટીરિયલ સંબંધિત અહેવાલ પ્રાપ્ત થયા છે. ઘટનાના સંપૂર્ણ કારણો જાણવા માટે માટીના નમૂનાઓ (સોઈલ સેમ્પલ) ની તપાસ ચાલી રહી છે. આ તપાસનો રિપોર્ટ મળ્યા બાદ સરકાર દ્વારા આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઘટનાને સંદર્ભે સંબંધિત અધિકારીઓ, ઈજારદાર અને પ્રોજેક્ટ મોનીટરીંગ કન્સલ્ટિંગ એજન્સી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ મામલે પાણી પુરવઠા વિભાગના સંબંધિત ત્રણ અધિકારીઓને ફરજ મોકૂફ હેઠળ મુકવામાં આવ્યા છે.

94.84 લાખના કામમાં 83.45 લાખ તો ચૂકવી દીધા છે

ગાંધીનગર : સુરત જિલ્લાના મંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટવાની ઘટનાનો સરકારે વિધાનસભામાં સ્વીકાર કર્યો હતો. સરકાર દ્વારા આપવામાં આવેલી વિગત મુજબ આ ટાંકીનું નિર્માણ કાર્ય જયાંતિ સુપર કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, મહેસાણા (72 ટકા) અને બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (28 ટકા) ની જ્વોઈન્ટ વેન્ચરને સોંપવામાં આવ્યું હતું. આ કામ 10 ઓગસ્ટ 2022ના એલ.ઓ.આઈ. મુજબ રૂ. 94.84 લાખના ખર્ચે આપવામાં આવ્યું હતું. આ ટાંકીના કામ માટે અત્યાર સુધીમાં કુલ રૂ. 83,45,920ની ચુકવણી કરવામાં આવી છે. જેમાં અલગ અલગ રનિંગ બિલ મુજબ ચુકવણીઓ કરવામાં આવી હતી. 3 જુલાઈ 2023ના રોજ રૂ. 9,48,400, 6 નવેમ્બર 2024ના રોજ રૂ. 9,48,400, 25 માર્ચ 2025ના રોજ રૂ. 28,45,200 અને 5 નવેમ્બર 2025ના રોજ રૂ. 36,03,920ની ચુકવણી કરવામાં આવી હતી.

કાંઠા સુગરના ૧૫.૬૫ના લોન કૌભાંડમાં

પ્રદીપ પંડ્યા અને ગેરેન્ટર જતીન નાયકના 3 દિવસનાં રિમાન્ડ

પોલીસે 14 દિવસનાં રિમાન્ડ માંગ્યા હતાં

સરસના પ્રદીપ ભગુ પટેલનાં રિમાન્ડ નામંજૂર

સાયણઃ ઓલપાડના સરસ કાંઠા સુગરમાં રૂ.૧૫.૬૫ કરોડની લોન મંજૂરી કૌભાંડના ત્રણ આરોપી પૈકી ધી સુરત પીપલ્સ બેન્ક અને કાંઠા સુગરના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટરોના ઓલપાડ કોર્ટે ૩ દિવસનાં પોલીસ રિમાન્ડ મંજૂર કર્યાં છે. જો કે, કોર્ટે સુગરના ગોડાઉન કીપરનાં પોલીસ રિમાન્ડ મંજૂર ન કરી તેને લાજપોર ખાતેની જેલ કસ્ટડીમાં મોકલી આપવા હુકમ કર્યો છે. સરસની શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીએ સને-૨૦૨૩માં એન.સી.ડી.સીમાંથી ખાંડના સ્ટોક ઉપર બે તબક્કામાં કુલ રૂ.૧૫,૬૫,૨૪,૦૦૦ ની લોન લીધી હતી.આ લોન મંજૂર કરાવવામાં કાંઠા સુગરનાં તત્કાલીન એમ.ડી. પ્રદીપકુમાર જી. પંડ્યા (હાલ રહે.,અંકલેશ્વર અંબે ગ્રીનસિટી) તેમજ સુગરના પૂર્વ ગોડાઉન કીપર પ્રદીપકુમાર ભગુભાઈ પટેલ (હાલ રહે.,જહાંગીરપુરા, સુરત શહેર) તથા લોનના ગેરેન્ટર એવા ધી સુરત પીપલ્સ બેંકના તત્કાલીન પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર જતીનભાઈ ઈશ્વરભાઈ નાયક (હાલ રહે., અડાજણ)ની ભૂંડી ભૂમિકા પ્રકાશમાં આવી હતી. આ કૌભાંડને પગલે કાંઠા સુગરમાં સરકાર નિયુક્ત કસ્ટોડિયન કમિટીના પ્રમુખ બ્રિજેશ પટેલે ત્રણેય આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ગત શુક્રવાર, તા.૧૩ના રોજ મોડી સાંજે ધરપકડ કરી જેલમાં પૂરી દીધા હતા.

પોલીસે લોન કૌભાંડના આ ત્રણે આરોપીને શનિવાર, તા.૧૪ના રોજ સાંજે ઓલપાડ કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસનાં પોલીસ રિમાન્ડ માંગ્યાં હતાં. પરંતુ કોર્ટે ધી સુરત પીપલ્સ બેન્કનાં પૂર્વ પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર જતીનભાઈ નાયક અને કાંઠા સુગરનાં પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપકુમાર જી.પંડ્યાના આગામી તા.૧૭મી માર્ચ સુધી ત્રણ દિવસનાં પોલીસ રિમાન્ડ મંજૂર કર્યાં હતાં. જ્યારે સુગરના પૂર્વ ગોડાઉન કીપર પ્રદીપકુમાર ભગુભાઈ પટેલનાં રિમાન્ડ નામંજૂર કર્યાં હતાં. આ અંગે ઓલપાડ પીઆઈ સી.આર. જાદવે જણાવ્યું હતું કે,

જવાબદાર પૂર્વ મેનેજિંગ ડિરેક્ટરો શિક્ષિત અને કાયદાથી અજાણ તો નથી જ, તેમ છતાં ગેરરીતિ કરી લોન મંજૂર કરાવવામાં તેઓ કોઈપણ લાભ વિના આવી ભૂંડી ભૂમિકા ભજવે નહીં. જેથી પોલીસ રિમાન્ડ દરમિયાન બંનેની શંકાસ્પદ કામગીરી મામલે અમો વધુ પૂછપરછ કરીશું.

ધોલેરા ખાતે ગુજરાતના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળ લોન્ચિંગ

રોકેટ સાથે હવામાનના ડેટા કલેક્ટ કરી શકે તેવો એક મીની સેટેલાઈટ પણ ઇન્સ્ટોલ કરવામાં આવ્યો હતો

ગાંધીનગરઃ આજે ધોલેરાના બાવળીયારી ખાતે અવકાશ સંશોધન ક્ષેત્રે એક નવો ઇતિહાસ રચાયો છે. અમદાવાદ સ્થિત સ્ટાર્ટઅપ 'ઓમસ્પેસ રોકેટ એન્ડ એક્સપ્લોરેશન પ્રાઈવેટ લિમિટેડ' (OSRE) દ્વારા રાજ્યના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

સ્વદેશી સ્પેસ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપીને યુવા વૈજ્ઞાનિકો માટે નવી તકોનું સર્જન કરવાનો આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ છે. ૧૪મી માર્ચના રોજ, બાવળીયારી ખાતે નિર્મિત અસ્થાયી લોન્ચિંગ કોમ્પ્લેક્સ પરથી બપોરે ૧:૦૦ વાગ્યે આ સિંગલ-સ્ટેજ સબ-ઓર્બિટલ રોકેટે ઉડાન ભરી હતી.

આ રોકેટે અંદાજે ૩ કિલોમીટરની ઊંચાઈ (Apogee) પ્રાપ્ત કરીને પ્રોપલ્શન, એવિઓનિક્સ અને ઓટોનોમસ રિકવરી સિસ્ટમ જેવી જટિલ ટેકનોલોજીનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ રોકેટ સાથે હવામાનના ડેટા કલેક્ટ કરી શકે તેવો એક મીની સેટેલાઈટ પણ ઇન્સ્ટોલ કરવામાં આવ્યો હતો.

ઓમસ્પેસના સ્થાપક અને CEO ડો. રવિન્દ્ર રાજે જણાવ્યું હતું કે, આ સફળતાથી આગામી સમયમાં ભારતના પ્રથમ સંપૂર્ણ સ્વદેશી રિયુઝેબલ લોન્ચ વ્હીકલ 'ઇન્ફિનિટી વન' (Infinity One)ના નિર્માણનો માર્ગ મોકળો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ લોન્ચિંગ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI), ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને DGCA દ્વારા જરૂરી મંજૂરીઓ અને ટેકનિકલ સહયોગ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. આ મિશન IN-SPACe (ISRO) ની અધિકૃતતા હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

ગુજરાતને 'MRO સ્ટેટ ઓફ ધ યર એવોર્ડ' થી સન્માનિત કરાયું

ગાંધીનગર : નવી દિલ્હીમાં યોજાયેલા MRO Xpo India 2026માં ગુજરાતને પ્રતિષ્ઠિત "MRO સ્ટેટ ઓફ ધ યર એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યું છે. વિમાનની જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા અને શ્રેષ્ઠ ઉડ્ડયન માળખું ઊભું કરવા બદલ રાજ્યના સક્રિય પ્રયાસોને આ એવોર્ડ દ્વારા વૈશ્વિક ઓળખ મળી છે.

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર MRO હેંગરનો વિકાસએ GUJSAILનું મહત્વનું યોગદાન છે, જે એરલાઈન્સ અને MRO સંસ્થાઓને વિશ્વસ્તરીય સુવિધા પૂરી પાડે છે.

સુવિકસિત એરપોર્ટ નેટવર્ક અને કુશળ માનવશક્તિની ઉપલબ્ધતાને કારણે ગુજરાત એરોસ્પેસ અને વિમાન જાળવણી ક્ષેત્રે રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે. આ એવોર્ડ ઉડ્ડયન અને એરોસ્પેસ ક્ષેત્રોમાં નવીનતા અને ઉદ્યોગ સહયોગ વધારવા માટેની ગુજરાત સરકારની સતત પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ગુજરાત સરકાર વતી ગુજરાત રાજ્ય એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ-GUJSAILએ આ કાર્યક્રમમાં ભાગ લઈ આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકાર્યો હતો.

પશ્ચિમ રેલવે કર્મચારી સંઘે રનિંગ-રેસ્ટ રૂમ અને કેન્ટિન માટે સિલિન્ડરની માંગ કરી

સુરતઃ તાજેતરમાં ઊભી થયેલી ગેસની સ્થિત અંગે રેલવેના યુનિયને પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર ને પત્ર લખીને સુરત અને ઉધના સહિત ઝોનમાં તમામ રેલવે હોસ્પિટલો, રનિંગ રૂમ, પેન્ટ્રી કાર, TTE રેસ્ટ રૂમ અને સ્ટાફ કેન્ટીનમાં LPG સિલિન્ડર સમયસર પૂરા પાડવાની માંગ કરી છે, જેથી કર્મચારીઓ અને દર્દીઓને કોઈ અસુવિધા નો સામનો ન કરવો પડે. યુનિયનના જનરલ સેક્રેટરી જે.આર. ભોસલે દ્વારા 12 માર્ચે મોકલવામાં આવેલા પત્રમાં જણાવ્યું છે કે મધ્ય પૂર્વમાં વર્તમાન પરિસ્થિતિ LPG પુરવઠા પર અસર કરે તેવી શક્યતા છે.ઘણા સ્થાનિક એકમોએ હોસ્પિટલો, રનિંગ રૂમ અને ટ્રેનોની પેન્ટ્રી કારમાં LPG સિલિન્ડર ની ઉપલબ્ધતા અંગે વધતી ચિંતાઓ વ્યક્ત કરી છે. આ બધા સ્થળોએ રસોઈ માટે LPG પ્રાથમિક અને લગભગ એકમાત્ર બળતણ સ્ત્રોત છે, તેથી તેની નિયમિત ઉપલબ્ધતા મહત્વપૂર્ણ છે.

ગાંધીધામ-વિશાખાપટ્ટનમ ટ્રેનમાં લૂંટ કરનાર ઝડપાયા

આરોપીઓએ અન્ય ત્રણ ચોરી કરી હોવાની પણ કબૂલાત કરી

સુરતઃ સુરત અને ઉધના રેલવે સ્ટેશન વચ્ચે ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરોને માર મારી સોનાના દાગીના લૂંટનાર ત્રણ રીઢા લૂંટારૂઓને પોલીસે ઝડપી લીધા છે.

મળતી માહિતી મુજબ ગત તા. ૦૯/૦૩/૨૦૨૬ ના રોજ સતીષભાઈ રામલુ પૈધુરી નામના મુસાફરને ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસના કોચ નં. એસ-06 માં સુરતથી વારંગલ જવા નીકળ્યા હતા. ત્યારે વોશરૂમ પાસે ત્રણ અજાણ્યા ઈસમોએ તેમને આંતર્યા હતા. ત્યારબાદ તેમને માર મારી સોનાના ઘરેણાં લૂંટી ચાલુ ટ્રેને ફરાર થઈ ગયા હતા. આ કેસની તપાસ ચાલુ હતી ત્યારે રેલવે પોલીસને બાતમી મળી હતી કે આ ગુનામાં સામેલ ત્રણેય આરોપીઓ નંબર પ્લેટ વગરની ગ્રે-સિલ્વર કલરની બર્ગમેન ગાડી પર સચિન વિસ્તારમાં ફરી રહ્યા છે. જે આધારે પોલીસે વોચ ગોઠવી દાવત રેસ્ટોરન્ટ પાસેથી ત્રણેયને ઝડપી લીધા હતા.

પકડાયેલા આરોપીઓમાં સદ્દામ ઉર્ફે મૌલાના (ઉ.વ. ૨૭, રહે. માન દરવાજા, સુરત (મૂળ મહારાષ્ટ્ર), અરબાઝ ઉર્ફે ચીકટ (ઉ.વ. ૨૫, રહે. ભેસ્તાન આવાસ, સુરત) અને અફઝલ ઉર્ફે શાહરૂખ (ઉ.વ. ૩૩, રહે. મીઠીખાડી, લિંબાયત, સુરત) નો સમાવેશ થાય છે. તેમણે સુરત રેલવે સ્ટેશન પર બનેલી અન્ય ત્રણ ચોરીની પણ કબૂલાત કરી છે.

લાઈવ વિડીયો કોલમાં પત્ની-બાળકોને ફાંસો બતાવી પતિનો આપઘાત

કામરેજમાં સાડી કામ બાબતે થયેલી બોલાચાલીમાં રત્નકલાકારે અંતિમ ડગલું ભર્યું

કામરેજઃ સુરતના કામરેજમાં બે સંતાનના પિતાએ પત્ની અને બાળકો સાથે વિડીયો કોલ પર વાત કરી આપઘાત કરી લીધો હતો.

મૂળ અમરેલીના બગસરાના વતની અને હાલ કામરેજની સ્વસ્તિક સોસાયટીમાં રહેતા વિપુલભાઈ મગનભાઈ હિરપરા સાડીમાં સ્ટોન ચોંટાડવાનું કામ કરતા હતા. તેમણે વર્ષ-૨૦૦૭માં જીગીશાબેન સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. છેલ્લા કેટલાક દિવસોથી પતિ-પત્ની વચ્ચે સાડી કામ બાબતે બોલાચાલી થતી હતી. શુક્રવારના રોજ વિવાદ વકરતાં પત્ની જીગીશાબેન બંને બાળકો સાથે મોપેડ પર પાસોદરા પાટિયા પાસે સૌરાષ્ટ્ર રેસિડન્સીમાં રહેતા ભાઈના ઘરે જતાં રહ્યાં હતાં. રાત્રિના આશરે ૮ કલાકે વિપુલભાઈએ સાળાને વિડીયો કોલ કરી પત્ની અને બાળકો સાથે વાત કરી હતી. વાતચીત દરમિયાન તેમણે પત્નીને પોતે ફાંસો લગાવી રહ્યા હોવાનું લાઈવ બતાવ્યું હતું. આ દ-શ્ય જોઈ ગભરાયેલાં પત્ની અને સાળો તાત્કાલિક કામરેજ સ્થિત ઘરે દોડી આવ્યાં હતાં. ગંભીર હાલતમાં વિપુલભાઈને કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. કામરેજ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પત્ની અને સંતાનોની નજર સામે જ પિતાએ જીવન ટૂંકાવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

અનુસંધાન... પાના પહેલાનું

ઇરાનની આર્થિક...

છે, ત્યાં સામાન્ય રીતે લગભગ ૮,૦૦૦ અમેરિકી સૈનિકો તૈનાત હોય છે.

એક્સપિડિશનરી યુનિટોને અખાતમાં રવાના કરાયા

યુએસ અધિકારીના જણાવ્યા અનુસાર, 31મી મરીન એક્સપિડિશનરી યુનિટ અને એમ્ફિબિયસ એસોલ્ટ શિપ USS Tripoli ને મધ્ય પૂર્વમાં મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે. મરીન એક્સપિડિશનરી યુનિટ્સ ઉભયચર ઉતરાણ (જમીન અને પાણી બંને પર હુમલો) કરવામાં સક્ષમ હોય છે, પરંતુ તેઓ દૂતાવાસોમાં સુરક્ષા વધારવા, નાગરિકોને બહાર કાઢવા અને આપત્તિ રાહતમાં પણ નિષ્ણાત છે. આ તૈનાતીનો અર્થ એ નથી કે ગ્રાઉન્ડ ઓપરેશન (જમીની હુમલો) અનિવાર્ય છે. એક અમેરિકી અધિકારીના જણાવ્યા અનુસાર, 31મી મરીન એક્સપિડિશનરી યુનિટ અને એમ્ફીબિયસ એસોલ્ટ શિપ USS ત્રિપોલીને મધ્ય પૂર્વ મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે. કેટલાક કોમર્શિયલ સેટેલાઈટો દ્વારા યુએસએસ ટ્રિપોલી જહાજ તાઈવાન નજીકના સમુદ્રમાં દેખાયું હતું, તેનો અર્થ એ કે ઈરાન નજીક પહોંચવામાં તેને એમ સપ્તાહનો સમય લાગી શકે છે.

ખાર્ગ ટાપુ...

આવ્યું હતું, પરંતુ તેનો કાટમાળ ઓઈલ ઈન્ડસ્ટ્રી ઝોન પર પડતા ભીષણ આગ ફાટી નીકળી હતી.

બ્લૂમબર્ગ અને અન્ય એજન્સીઓના મતે, સુરક્ષાના કારણોસર પોર્ટ પર ઓઈલ લોડિંગની કામગીરી અત્યારે અટકાવી દેવામાં આવી છે.

આ હુમલામાં ઓછામાં ઓછી બે ક્રૂડ સ્ટોરેજ ટેન્કો ને નુકસાન થયું હોવાના અહેવાલ છે. અમેરિકી દૂતાવાસ તરફથી આ બાબતે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નહોતી. શુક્રવારે, દૂતાવાસે ઇરાક માટે તેના લેવલ 4ના સુરક્ષા એલર્ટને ફરીથી જાહેર કર્યું હતું, જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે ઈરાન અને ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથોએ અગાઉ અમેરિકન નાગરિકો, હિતો અને માળખાગત સુવિધાઓ પર હુમલા કર્યા છે અને તેઓ તેને લક્ષ્ય બનાવવાનું ચાલુ રાખી શકે છે.

ઈરાનમાં ભયાનક તબાહીઃ ૪૩,૦૦૦ રહેણાંક અને વ્યાપારી એકમો નષ્ટ

ઈરાન સરકારના પ્રવક્તા ફાતેમેહ મોહાજેરાનીએ સત્તાવાર આંકડા જાહેર કરતા જણાવ્યું છે કે અમેરિકા અને ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ઈરાનમાં અંદાજે ૪૩,૦૦૦ એકમોને નુકસાન થયું છે, જેમાં ૩૬,૪૬૯ રહેણાંક મકાનો અને ૬,૧૭૯ વ્યાપારી એકમો (દુકાનો-ઓફિસો)નો સમાવેશ થાય છે. સત્તાવાર રીતે અત્યાર સુધીમાં કુલ ૧,૨૩૦ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે.

ઈરાને UAEના...

તેલ માળખાગત સુવિધાઓ કબજે કરવાનો પ્રયાસ કરશે, તો ઈરાન અમેરિકી સૈનિકોને 'બંદી' બનાવી લેશે. ઈરાનના શક્તિશાળી સૈન્ય સંગઠન ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ સીધી ચેતવણી આપી છે કે સંયુક્ત આરબ અમીરાત (UAE)માં આવેલા અમેરિકાના તમામ 'સંતાવાના ઠેકાણાઓ' હવે તેમના માટે કાયદેસરના સૈન્ય લક્ષ્યાંકો છે.

ઈરાનનો ચીની...

એક મુખ્ય ચેનલ છે. આ ખાડી સાથે જોડાયેલા બજારના ડરને કારણે તેલના ભાવ જુલાઈ ૨૦૨૨ પછીના સૌથી ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે, જે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યાના થોડા સમય પછીનો ગાળો હતો.

હોર્મુઝની ખાડીમાંથી...

જે વપરાશકર્તાઓને તેલ અને ગેસ મોકલવા માટે હોર્મુઝની ખાડીનો જ ઉપયોગ કરે છે. માર્ચના પ્રથમ સપ્તાહથી આ ખાડી અસરકારક રીતે બંધ છે.

આ બે જહાજો તે 24 જહાજોમાં સામેલ હતા જે આ ક્ષેત્રમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી ખાડીની પશ્ચિમ બાજુએ ફસાયેલા હતા.

તદુપરાંત, અન્ય ચાર પૂર્વ બાજુએ ફસાયેલા હતા. તેમાંથી એક, ઓમાનથી આફ્રિકા ગેસોલિન લઈ જતું ભારતીય ધ્વજ ધરાવતું ઓઈલ ટેન્કર 'જગ પ્રકાશ' શુક્રવારે આ યુદ્ધગ્રસ્ત ખાડીને સુરક્ષિત ઓળંગી ગયું હતું.

સોનમ વાંગચુક...

નિવેદનમાં સરકારે તમામ હિસ્સેદારો સાથે રચનાત્મક અને અર્થપૂર્ણ સંવાદ કરવા માટે લદ્દાખમાં શાંતિ, સ્થિરતા અને પરસ્પર વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાની તેમની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. નિવેદનમાં જણાવાયું છે કે, આ ઉદ્દેશ્યને આગળ ધપાવતા અને યોગ્ય વિચારણા કર્યા પછી, સરકારે નેશનલ સિક્યુરિટી એક્ટ હેઠળ ઉપલબ્ધ સત્તાનો ઉપયોગ કરીને સોનમ વાંગચુકની અટકાયત તાત્કાલિક અસરથી રદ કરવાનો નિર્ણય લીધો છે.

વાંગચુક આ કાયદા હેઠળ અટકાયતનો લગભગ અડધો સમયગાળો પૂર્ણ કરી ચૂક્યા છે. બે દિવસ પહેલા, વાંગચુકએ 'X' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે લદ્દાખના ન્યાયી ભવિષ્ય માટે નિષ્ઠાવાન સંવાદની જરૂર પડશે. તેમણે કહ્યું હતું કે, મેં ચળવળ બંધ કરી નથી. લદ્દાખ પ્રત્યેની મારી પ્રતિબદ્ધતા યથાવત છે.

જો હોર્મુઝ...

છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન હોર્મુઝની ખાડીનો રસ્તો નહીં ખોલે, તો અમેરિકા ઈરાનના દરિયાકાંઠા પર 'નરક જેવો' બોમ્બમારો ચાલુ રાખશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

ગેસ સંકટ : દાનાપુર...

સ્થિતિને કારણે જો કોઈ વસ્તુની સર્વાધિક અસર વર્તાઈ હોય તો તે રાંધણ ગેસની છે. હાલ વધી રહેલી કટો કટીને કારણે તેની સિધી અસર રસોઈથી માંડીને રોજીદાં જીવન ઉપર પણ પડી રહી છે. સામાન્ય 1200 રૂપિયાને ભાવે મળતો ગેસ સિલિન્ડર હવે 2500 રૂપિયા કિંમત ચુકવ્યા બાદ પણ નથી મળી રહ્યો.રાંધણ ગેસની વધતી જતી કાળા બજારી વચ્ચે શ્રમિકો એ તેમના વતન જવુ વધૂ મુનાસિબ સમજી રહ્યાં છે. છેલ્લા બે દિવસોથી સુરત રેલ્વે સ્ટેશન અને ઉધના રેલ્વે સ્ટેશન ઉપર શ્રમિકો પરાયણ કરતા નજરે ચડી રહ્યાં છે.નિયમિત રિતે સવારે 8:00 કલાકની ઉધના દાનાપુર ટ્રેન તથા 10:કલાકે તાપ્તી ગંગા ટ્રેનમાં શ્રમિકોની મહત્તમ ભીડ જોવા મળી રહી છે. આજે પણ વહેલી સવારથી જ ટિકિટ બારીઓ ઉપર શ્રમિકોની લાંબી લાંબી કતારો લાગી ગઈ હતી.

પરિસ્થિતિ સંપુર્ણ...

જીઆઈડીસીમાં ચાલતી પુરીભાજીની લારી પણ બંધ થઈ ચુકી છે.જો સ્થિતિ સુધરસે તો પછી પરત આવીશુ.

સચિન વિસ્તારમાં...

કરવા સાથે સોસાયટીએ જણાવ્યું છે કે, અઢી કિલોના LPG ગેસ બાટલામાં કાળાબજારી થઇ રહી છે. સચિન ઔદ્યોગિક વસાહતમાં કામ કરતા અંદાજે ત્રણ લાખ જેટલા કામદારો તથા નજીકના ગામોના રહેવાસીઓને ગેસની અછતના કારણે ભારે હાલાકી ભોગવવી પડી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. સચિન જીઆઈડીસીના નજીક આવેલા રામેશ્વર, શીવનગર, સિદ્ધી વિનાયક અને લક્ષ્મીવિલા જેવી સોસાયટીઓમાં મોટી સંખ્યામાં કામદારો વસવાટ કરે છે. ઉપરાંત સચિન, કનકપુર, કનસાડ, પાલીગામ, તલંગપુર, ઉબેર અને ગભેણી સહિતના ગામોના લોકો પણ નાના ગેસ બાટલાનો રસોઈ માટે બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. રજુઆત મુજબ, ઇરાન, અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચે ચાલી રહેલી તણાવભરી પરિસ્થિતિના કારણે LPG ગેસ પુરવઠા અંગે અછત સર્જાઈ હોવાનું કારણ બતાવી કેટલાક દુકાનદારો અને જનરલ સ્ટોર દ્વારા ગેસ રિફિલિંગના ભાવમાં મનસ્વી વધારો કરવામાં આવ્યો છે. યુદ્ધ પહેલાં અઢી કિલોના ગેસ બાટલાનું રિફિલિંગ પ્રતિ કિલો 70થી 80 રૂપિયાના દરે થતું હતું. પરંતુ હાલ કેટલાક સ્થળોએ આ જ ગેસ માટે પ્રતિ કિલો 500થી 700 રૂપિયા સુધી વસૂલાત થતી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. આથી ગરીબ કામદાર વર્ગ અને ગામવાસીઓ પર આર્થિક બોજો વધી ગયો છે.

ઉદ્યોગો પર...

વિભાગ દ્વારા ચેકિંગ કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

ગેસ સિલિન્ડરની...

છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા પી.એન.જી. નેટવર્ક ધરાવતા વિસ્તારોમાં તાત્કાલિક ગેસ જોડાણ આપવા સૂચના આપ્યા બાદ સુરત જિલ્લામાં તેની અમલવારી શરૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીની સૂચના બાદ સુરત જિલ્લા કલેક્ટરે કલેક્ટર કચેરી ખાતે સંબંધિત વિભાગો સાથે તાત્કાલિક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ગુજરાત ગેસ સહિતના ગેસ સપ્લાય સંસ્થાઓના અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન શહેર અને જિલ્લામાં જ્યાં પાઇપલાઇન ગેસ નેટવર્ક પહેલેથી ઉપલબ્ધ છે તે વિસ્તારોમાં પી.એન.જી. કનેક્શન ઝડપથી આપવા માટે જરૂરી પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવા પર ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓને સૂચના આપવામાં આવી કે જ્યાં નેટવર્ક ઉપલબ્ધ હોય ત્યાં અરજી મળતાં જ ઓછામાં ઓછા સમયમાં કનેક્શન આપવામાં આવે. આ પરિસ્થિતિમાં પાઇપલાઇન ગેસ કનેક્શન ઝડપથી ઉપલબ્ધ બનશે તો વેપારીઓને મોટી રાહત મળશે અને ગેસ સપ્લાય વધુ સ્થિર બની શકે છે.

ગાંધીનગરની ટીમે...

સપ્લાય સંબંધિત દસ્તાવેજોની સુક્ષ્મ તપાસ કરી હતી. આ ઉપરાંત ઘરગથ્થુ ઉપયોગ માટે આપવામાં આવતા સિલિન્ડરોનો વ્યાવસાયિક ધંધામાં ઉપયોગ તો થતો નથી ને તેની પણ ખાસ ચકાસણી કરવામાં આવી હતી. કેટલીક જગ્યાએ ગ્રાહકોને આપવામાં આવતા સિલિન્ડરોની પ્રક્રિયા અને ડિલિવરી સિસ્ટમ અંગે પણ તપાસ કરવામાં આવી હતી. પુરવઠા વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રાથમિક તબક્કાની તપાસ દરમિયાન કોઈપણ ગેસ એજન્સીમાં ગેસના કાળાબાજર અથવા ગેરરીતિના સ્પષ્ટ પુરાવા મળ્યા નથી. તમામ એજન્સીઓમાં રેકોર્ડ અને સ્ટોક સરકારના નિયમો મુજબ જાળવવામાં આવતા હોવાનું નોંધાયું છે. તેમ છતાં વિભાગે જણાવ્યું હતું કે શહેરમાં મળેલી ફરિયાદોને સંપૂર્ણપણે અવગણવામાં નહીં આવે. આગામી દિવસોમાં પણ ગેસ એજન્સીઓ પર નજર રાખવામાં આવશે અને જો જરૂર પડશે તો ફરીથી ચકાસણી કરવામાં આવશે.

20 સંસ્થાને...

સંસ્થાઓ અને હોસ્પિટલો મળી કુલ 20 અરજી કોમર્શિયલ ગેસ સિલિન્ડર ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. જિલ્લા પૂરવઠા અધિકારી દર્શન શાહે જણાવ્યું હતું કે શહેરમાં ગેસ પુરવઠામાં સંભવિત અછત ઊભી થાય તો પણ આવશ્યક સેવાઓ બંધ ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને સ્કૂલ અને હોસ્પિટલો જેવી સંસ્થાઓમાં ભોજન વ્યવસ્થા અને અન્ય જરૂરી કામગીરીમાં અવરોધ ન આવે તે માટે તેમને તાત્કાલિક અસરથી કોમર્શિયલ ગેસ સિલિન્ડર ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આશરે 15થી 20 જેટલી શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોએ તંત્ર પાસે મંજૂરી માટે અરજી કરી હતી. આ તમામ અરજીઓને સ્પેશિયલ કેસ તરીકે મંજૂરી આપવામાં આવી છે, જેથી સંસ્થાઓ જરૂરિયાત મુજબ ગેસની વ્યવસ્થા કરી શકે. આ સાથે જ શહેરમાં વિકલ્પરૂપે ગેસ પુરવઠાની વ્યવસ્થા મજબૂત બનાવવા માટે જિલ્લા કલેક્ટરે ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓ સાથે તાત્કાલિક બેઠક યોજી હતી. બેઠકમાં શહેરમાં પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી)ના પેન્ડિંગ કનેક્શનને ઝડપથી મંજૂરી આપી તાત્કાલિક શરૂ કરવા સૂચના આપવામાં આવી હતી.

તંત્ર દ્વારા...

ન કરવા અને કોઈપણ અફવાઓથી દૂર રહેવાની અપીલ પણ કરવામાં આવી છે. તંત્રના આ આગોતરા પગલાંથી શહેરમાં આવશ્યક સેવાઓ ગેસની સંભવિત અછત વચ્ચે પણ અસરકારક રીતે ચાલુ રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નાબૂદ થઇ...

પગલે સોસાયટીમાં ગભરાટ ફેલાતા રહીશોએ એકઠા થઈને તંત્રની કામગીરી અને રહેણાંક વિસ્તારમાં ચાલતા આવા સેન્ટરો સામે સવાલો ઉઠાવ્યા હતા.

રહીશોએ મનપા કમિશનરને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, સોસાયટીના બંગલા નંબર A/28 માં કોઈ પરવાનગી વગર મેડિકલ શેલ્ટર કે કેર સેન્ટર જેવી વ્યવસ્થા ચલાવવી કેટલી કાયદેસર છે? આ વિસ્તાર અત્યંત ગીચ છે અને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલના નિવાસસ્થાનથી માત્ર 50 મીટરના અંતરે આવેલો છે, ત્યારે આવા સંવેદનશીલ વિસ્તારમાં ગંભીર બીમારીના દર્દીઓને રહેણાંક સોસાયટીમાં રાખવા તે જાહેર આરોગ્ય માટે મોટું જોખમ છે. રહીશોએ પ્રશ્ન કર્યો હતો કે જો કોઈ પુષ્ટિ થયેલો દર્દી સોસાયટીમાં મુક્તપણે ફરતો હોય, તો તેને આઈસોલેશન કે યોગ્ય મેડિકલ સુવિધામાં રાખવાને બદલે ખુલ્લેઆમ કેમ રહેવા દેવાય છે? મનપાના ડોક્ટરો દ્વારા 'ચિંતા ન કરવાની' સલાહ અપાઈ રહી છે, પરંતુ રહીશોએ સ્પષ્ટ માંગ કરી છે કે મનપા આ સર્વેના હેતુ, દર્દીની સાચી સ્થિતિ અને રહેણાંક વિસ્તારમાં આવા સેન્ટરો ચલાવવાના નિયમો અંગે લેખિત સ્પષ્ટતા કરી રહીશોને વિશ્વાસમાં લેવામાં આવે તેમ જણાવ્યું હતું.

માર્ચમાં માવઠાની...

શકે છે. હાલ કેટલાક વિસ્તારોમાં પાક તૈયાર અવસ્થામાં હોવાથી કમોસમી વરસાદ પાકને નુકસાન પહોંચાડવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

SVNITનું સંશોધન...

સંશોધક ડૉ. પંકજ જે. ગાંધી અને પ્રોફેસર ડૉ. પ્રસિત જી. અગ્નિહોત્રી દ્વારા વિકસાવવામાં આવેલા હાઈબ્રિડ AI મોડેલ પૂર આગાહી વધુ ચોક્કસ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો. આ મોડેલમાં આર્ટિફિશિયલ ન્યુરલ નેટવર્ક સાથે મેટાહ્યુરિસ્ટિક ઓપ્ટિમાઈઝેશન એલ્ગોરિધમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને "કુકૂ સર્ચ"અલ્ગોરિધમ દ્વારા ન્યુરલ નેટવર્કના પરિમાણોને વધુ અસરકારક રીતે ગોઠવવાની પદ્ધતિ અપનાવવામાં આવી હતી, જેના કારણે આગાહી વધુ ચોક્કસ બની શકે છે. અભ્યાસમાં GIS, GPS અને રિમોટ સેન્સિંગ જેવા જિઓસ્પેશિયલ ડેટાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં વૈશ્વિક ટેક્નોલોજી કંપની ગુગલ દ્વારા વિકસાવવામાં આવેલી ગુગલ ફ્લડ હબ જેવી AI આધારિત સિસ્ટમો પણ પૂર આગાહી માટે ડીપ લર્નિંગ મોડેલ્સ અને વિશાળ ડેટાનો ઉપયોગ કરે છે. વિશ્લેષણ મુજબ SVNITમાં થયેલા સંશોધન અને વૈશ્વિક સિસ્ટમો વચ્ચે આશરે 80થી 85 ટકા સુધીની વૈચારિક સમાનતા જોવા મળે છે. મર્યાદિત સંસાધનો હોવા છતાં SVNITનું આ સંશોધન આપત્તિ વ્યવસ્થાપન અને પર્યાવરણીય આયોજન માટે ભવિષ્યમાં મહત્વપૂર્ણ આધાર બની શકે તેવું માનવામાં આવી રહ્યું છે.

ગુગલની AI...

માહિતીના આધારે આવનારા પૂર અંગે આગાહી કરવામાં આવે છે. ગુગલ ફ્લડ હબ પ્લેટફોર્મ દ્વારા આ સિસ્ટમ હાલમાં 150થી વધુ દેશોમાં ઉપયોગમાં લેવામાં આવી રહી છે. વિશ્લેષણ મુજબ SVNIT સુરતમાં થયેલ 2020નું સંશોધન અને ગુગલ દ્વારા વિકસાવવામાં આવેલી સિસ્ટમ વચ્ચે આશરે 80 થી 85 ટકા સુધીની વૈચારિક સમાનતા જોવા મળે છે. જોકે બંને કાર્યનું કદ અને સંસાધનો અલગ છે. SVNITનું સંશોધન મુખ્યત્વે એલ્ગોરિધમ અને વૈજ્ઞાનિક માળખું વિકસાવવા પર કેન્દ્રિત હતું, જ્યારે ગુગલની સિસ્ટમ વિશ્વસ્તરીય ડેટા, ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક અમલીકરણ પર આધારિત છે.